તા. ૨/૧/૨૦૧૭

પ્રતિ,
શ્રી વિજયભાઈ રૂપાણી,
મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય,
સચિવાલય, ગાંધીનગર.

**વિષયઃ ખેડૂતોને થતા અન્યાય દૂર કરી ન્યાય આપવા : ત્વરિત રાહત જાહેર કરવા બાબત.**

*સસ્નેહ નમસ્કાર.*

*આ કોઈ રાજકીય આંદોલન નથી, કોઈ રાજકીય પક્ષનો કાર્યક્રમ નથી. ખેડૂતોના હિતમાં, ખેડૂતો માટે, ખેડૂતોનો કાર્યક્રમ છે. એને રાજકીય દૃષ્ટિએ જોવાને બદલે ગુણદોષને આધારે જોવામાં આવે અને છેલ્લાં પાંચ વર્ષથી કુદરતી હોનારત, અપુરતો વરસાદ અથવા પછી નીચા ભાવોને કારણે ગુજરાતના ખેડૂતો બેહાલી તરફ ધકેલાયા છે. ખેતીક્ષેત્ર લગભગ તૂટી પડવાની અણીએ આવીને ઊભું છે, દેશમાં આપણું રાજ્ય હેક્ટર દીઠ અન્ન ઉત્પાદનની દૃષ્ટિએ છેક ૧૨મા નંબરે આવે છે, એમાં ખેડૂતોની અણઆવડત કરતાં સિંચાઈ સગવડોનો અભાવ વધારે જવાબદાર છે. આજે પણ, વિકાસના અનેક દાવાઓ પછી સિંચાઈની બાબતમાં ગુજરાતનો ખેડૂત વરસાદ આધારે છે. ગુજરાતનો ખેડૂત કુદરત અને બજાર વચ્ચે પીસાઈ રહ્યો છે ત્યારે સરકાર ખેડૂતોની માગણીઓ સ્વીકારે અને ત્વરિત અમલ કરે એવી અમારી અપેક્ષા છે.*

**અમારી મુખ્ય માગણીઓ નીચે મુજબ છે....**

૧: ખેડૂતોનાં તમામ દેવાં માફ કરો, પાક વીમાના ૧૦૦% ચૂકવણાની તારીખ જાહેર કરો. તમામ ખેડૂતોને એકરે ૫૦,૦૦૦/- રૂપિયાની રોકડ સહાય આપો.

૨: જમીન સંપાદનના કાયદા-૨૦૧૩માં ગુજરાત સરકારે કરેલા ફેરફારો, એસ.આઈ.આર. એક્ટ-૨૦૦૯, ગુજરાત ગટર અને પાણી વ્યવસ્થા કાયદો-૨૦૧૩ અને ગુજરાત ટાઉન પ્લાનિંગ અને અર્બન ડેવલપમેન્ટ એક્ટ તરત જ રદ કરો.

૩: કૃષિ નીતિ તાત્કાલિક જાહેર કરવામાં આવે. કૃષિ આયોગની તાત્કાલિક રચના કરો, એમાં ખેડૂતોનું પ્રતિનિધિત્વ અનિવાર્ય કરો.

૪: ટેકાના ભાવોમાં ૧૦૦%નો વધારો કરો અને પાક-ઉપજ સામે ૮૦ ટકા બેંક લોન આપો.

૫: ગુજરાત ખેતી જમીન ટોચ મર્યાદા અને ગણોત ધારામાં કરેલા ફેરફારો રદ કરો.

૬: વારસાઈ, વહેંચણી, અને ભૂલ સુધારણા સહિતના તમામ રેવન્યુ રેકર્ડ તરત જ સુધારવા માટે ગુજરાત વ્યાપી કાર્યક્રમ હાથ ધરો.

૭: ૨૦૦૩ સુધી ખેડૂતોને ૧૮ કલાક વીજળી મળતી હતી, હવે ગુજરાતમાં વીજળી સરપ્લસ છે ત્યારે માત્ર ૮ કલાક વીજળી આપવામાં આવે છે. **ગુજરાતના ખેડૂતોને ૨૪ કલાક વીજળી આપવામાં આવે, વરસોથી ૩,૦૦,૦૦૦ પડતર વીજળી કનેકશનો એક મહિનામાં આપવાની વ્યવસ્થા ગોઠવાય.**

૮: ડી.એમ.આઈ.સી. સંબંધિત તમામ પ્રકારનાં જમીન સંપાદનો તાત્કાલિક અસરથી રોકી દેવામાં આવે.

૯: વડોદરા-મુંબઈ એક્સપ્રેસ હાઈવે માટે ખેડૂતો સાથે ચર્ચા વિચારણા કરી નવો વિકલ્પ વિચારવામાં આવે, ત્યાં સુધી તમામ કાર્યવાહી સ્થગિત કરવામાં આવે.

૧૦: દર પાંચ ગામો વચ્ચે એક કોલ્ડ સ્ટોરેજ અને ગોડાઉનની સગવડ તરત જ ઊભી કરો.

૧૧: બજારમાં હરાજીની શરૂઆત ટેકાના ભાવથી જ શરૂ થાય તેવી કાયદાકીય જોગવાઈ કરો.

૧૨: સરકારી નીતિઓ, જંગલી જાનવરો, રોઝ, ભૂંડને કારણે થતા નુકશાન સામે વળતરની સ્પષ્ટ જોગવાઈઓ અને અમલ કરો.

૧૩: સિંચાઈ યોજનાઓમાંથી ડી-કમાન્ડ કરેલા તમામ વિસ્તારો રી-કમાન્ડ કરો. નર્મદા યોજનાના મૂળ આયોજન મુજબ જ પાણીનું વિતરણ કરવામાં આવે, ઉદ્યોગોને ફાળવણી કરતાં વધારે પાણી અપાય છે તે તરત જ રોકી દેવામાં આવે.

૧૪: નર્મદાની નહેરો અને સૌની યોજનાના કામનું ટાઈમ ટેબલ નક્કી કરી અમલ કરો.

૧૫: કલ્પસર યોજનાની હાલ શું સ્થિતિ છે તેનું સ્વેતપત્ર બહાર પાડો.

૧૬: સિંચાઈ દરમાં દર વરસે થતો ૭.૫ ટકાનો વધારો રદ કરો.

૧૭: ગામડાંમાં પડેલી તમામ પડતર/ખરાબાની જમીન ગામના જમીન વગરના લોકો અને નાના અને સીમાંત ખેડૂતોને સાંથણીમાં આપો.

૧૮: ગૌચરની જમીન કોઈ પણ હેતુ માટે કોઈ પણ ભાવે આપવાનું બંધ કરો, પશુ સંખ્યા મુજબ ગૌચર નીમ કરો અને વિકસાવો.

૧૯: સિંચાઈ યોજનાઓ, જી.આઈ.ડી.સી. અને બીજા હેતુઓ માટે લીધેલી તથા ઉદ્યોગોએ જમીન લઈને ઉદ્યોગો શરૂ ના કર્યા હોય તેવી તમામ જમીન મૂળ ખેડૂતોને પાછી આપવાનું શરૂ કરો.

૨૦: પ્રદૂષિત ઉદ્યોગો માટે હવે કોઈ નવું જમીન સંપાદન કોઈ પણ સંજોગોમાં નહીં જ.

૨૧: ખેત આધારિત રોજગાર લક્ષી ઉદ્યોગો માટે ખેડૂતોને લોન અને બીજી સગવડો આપો.

૨૨: કરજણ જળાશય યોજના મૂળ આયોજન અનુસાર તરત કાર્યાન્વિત કરવામાં આવે.

૨૩: સિંચાઈ નહેરોમાં બારમાસી પાણી આપવામાં આવે, સફાઈને નામે ખેડૂતોના પાક નાશ પામતા રોકવામાં આવે, જો અનિવાર્યપણે નહેર બંધ થાય તો પાકની નુકશાની ચૂકવવામાં આવે.

૨૪: ડી-મોનેટાઈઝેશનને કારણે શાકભાજી, બાગાયતી સહિત તમામ ખેડૂતોને થયેલા નુકશાનનો અભ્યાસ કરવા તટસ્થ ટીમ નીમી ખેડૂતોને થયેલા નુકશાનનું વળતર ચૂકવવા પેકેજ જાહેર કરવામાં આવે.

૨૫: શેરડી પરનો ખરીદ વેરો માત્ર ગુજરાતમાં જ લેવાય છે તે તરત જ નાબૂદ કરવામાં આવે.

આશા છે, અમારી હાલની કપરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, અમારી વાજબી માગણીઓ પર સરકાર સહાનુભૂતિપૂર્વક વિચારી જગતના તાતને કપરી પરિસ્થિતિમાંથી ઉગારી લેવા યોગ્ય જાહેરાતો તરત જ કરશો.

આભાર સહ,

લિ.

(જયેશ પટેલ) (સાગર રબારી)
પ્રમુખ મહામંત્રી